Vol. 3, Issue: 7, July : 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# મમ્મટ અને હેમચંદ્રાચાર્યના કાવ્યશાસ્ત્રીય વિચારોમાં રહેલું સામ્ય-વૈષમ્ય

આશાબેન આર. ચૌધરી
ગુજરાતી વિભાગ
ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા.

કાવ્યપ્રકાશ અને કાવ્યાનુશાસન આ બંને કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં મમ્મટ અને હેમચંદ્રાચાર્યે કાવ્યશાસ્ત્રના પ્રમુખ વિષયો જેવા કે,- કાવ્ય પ્રયોજન, કાવ્યહેતુ, કાવ્ય પરિભાષા, કાવ્યપ્રકાર, ગુણ, દોષ, અલંકાર, શબ્દ શક્તિઓ વગેરેની ચર્ચા કરી છે. મમ્મટનો કાવ્યપ્રકાશ દશ ઉલ્લાસોમાં વિભક્ત છે. તેના પદ્ય ભાગને કારિકા અને ગદ્ય ભાગને વૃતિકા તરીકે ઓળખવામાં આવે છે. સાહિત્યશાસ્ત્રમાં મમ્મટનો કાવ્યપ્રકાશએ શ્રેષ્ઠ ગ્રંથ છે હેમચંદ્રાચાર્ય મમ્મટની પાછળ લગભગ એક સૈકા પછી થઇ ગયા હતા અને તેમના કાવ્યાનુશાસન ઉપર મમ્મટના કાવ્યપ્રકાશનો સારો એવો પ્રભાવ છે. આમ છતાં હેમચંદ્રની કૃતિમાં નવીનતા છે.

હેમચંદ્રાચાર્યનો કાવ્યાનુશાસન ગ્રંથ આઠ અધ્યાયોમાં વિભકત છે. સૂત્ર-વૃતિ શૈલીમાં લખાયેલ આ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ૨૫, દ્વિતિયમાં ૫૯, તૃતિયમાં ૧૦, ચતૂર્થમાં ૯, પાંચમામાં ૯, છઠ્ઠામાં ૩૧, સાતમામાં ૫૨ અને આઠમામાં ૧૩ સૂત્રો છે આ બધા મળીને કાવ્યાનુશાસનમાં કુલ ૨૦૮ સૂત્રો છે. આ વ્યાપમાં હેમચંદ્રે સંસ્કૃત સાહિત્યસ્શાત્રના લગભગ બધાજ મુદ્દાઓ નો સમાવેશ કર્યો છે .

હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસનમાં પોતાના મતોના સમર્થન માટે રાજશેખરના કાવ્યમીમાંસા, મમ્મટના કાવ્યપ્રકાશ, આનંદવર્ધનના ધ્વન્યાલોક, અભિનવગુપ્તના લોચન તથા રુદ્રટ ,દંડી, ધનંજય વગેરેના ગ્રંથોમાંથી અનેક ઉદાહરણો ઉદધૃત કર્યા છે.આમ છતાં મૌલિકતાની બાબતમાં તેમની પોતાની આગવી સ્વતંત્ર વિચારણા રહેલી છે. તેમણે એમની પ્રમાણ મીમાંસાની ટીકાના આરંભમાં જ મૌલિકતાના વિષયની બાબતમાં સ્પષ્ટ કહ્યું છે કે, વિદ્યાઓ અનાદિ હોય છે તેને સંક્ષેપ અથવા વિસ્તારની દ્દષ્ટિથી નવી માનવામાં આવે છે. આ દ્દષ્ટિથી તેને તે તે ગ્રંથકારોની કૃતિ માનવામાં આવે છે.આ ન્યાયે કાવ્યાનુશાસનને નવનીત ગણી શકાય.

હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસનની રચના મમ્મટના કાવ્યપ્રકાશને નજર સમક્ષ રાખીને કરી છે. તેમણે કાવ્યાનુશાસનની રચનામાં મમ્મટના કાવ્યપ્રકાશનો સૌથી વધારે ઉપયોગ કરેલો છે. તેનો ખ્યાલ તેમણે કાવ્યાનુશાસનમાં કરેલા મમ્મટ અને તેમના કાવ્યપ્રકાશના વારંવારના ઉલ્લેખો પરથી આવે છે અને આમ કરવા છતાં પણ તેમની મૌલિકતા કયાંય ખંડિત થતી નથી.

કાવ્યપ્રકાશ અને કાવ્યાનુશાસનમાં ઘણી બધી સામ્યતા હોવા છતાં અનેક જગ્યાએ હેમચંદ્રાચાર્યે મમ્મટનો વિરોધ પણ કર્યો છે. તેમને જરૂર જણાઇ ત્યાં ખંડન કરી, ઉચિત ઉમેરણ કર્યુ છે.

કાવ્ય પ્રયોજનની બાબતમાં પૂર્વાચાર્ય મમ્મટ સાથે હેમચંદ્રને મતભેદ છે. કાવ્ય પ્રયોજનને દર્શાવતાં કાવ્યપ્રકાશમાં મમ્મટ કારિકા -૨ માં કાવ્યનાં છ પ્રયોજનો વર્ણવે છે.

काव्यं यशसेऽर्थकृत व्यवहारविदे शिवेतरक्षतये।
सद्यः परनिवृतये कान्तासम्मिततयोपदेशयुजे।।२।।

(૧) યશ પ્રાપ્તિ (૨) અર્થ પ્રાપ્તિ (૩) વ્યવહારજ્ઞાન (૪) અમંગળ નિવારણ (૫) પરમાનંદની પ્રાપ્તિ અને (૬) કાન્તા સમાન ઉપદેશ. મમ્મટને આ છ પ્રયોજનો અભિપ્રેત છે. તો આચાર્ય હેમચંદ્ર કાવ્યપ્રયોજન વિશે એમ કહે છે કે, काव्यमानन्दाय यशसे कान्तातुल्यतयोपदेशाय च ।। અર્થાત્ કવિ કાવ્યની રચના આનંદમાટે, યશ પ્રાપ્તિ માટે અને પ્રિય પત્ની સમાન ઉપદેશ આપવા માટે કરે છે. અહીં 'કલા ખાતર કલા'ના સિધ્ધાન્તનો ધ્વનિ સ્પષ્ટ સંભળાય છે. काव्यमानन्दाय કહીને તેમણે સિધ્ધ કરી બતાવ્યું છે કે, કાવ્ય રચના હંમેશા स्वान्तः सुखाय હોય છે. તેમનો આ દ્રષ્ટિકોણ ખૂબ જ મૌલિક છે.

હેમચંદ્રાચાર્ય અહીં મમ્મટના કાવ્યપ્રયોજનોમાંથી આનંદ પ્રાપ્તિ, યશ પ્રાપ્તિ અને કાન્તાતુલ્ય ઉપદેશને કાવ્યના પ્રયોજન તરીકે સ્વીકારે છે. મમ્મટે બતાવેલ અન્ય ત્રણ પ્રયોજનો જેવા કે, અર્થલાભ, વ્યવહારજ્ઞાન અને અમંગળ નિવારણને તેઓ કાવ્યના પ્રયોજન તરીકે સ્વીકારતા નથી.

કાવ્યહેતુ અંગેના વિચારોમાં બંને એકબીજાથી જુદા પડે છે મમ્મટાચાર્ય શકિત , નિપુણતા અને અભ્યાસ એ ત્રણેયના સમન્વયથી કાવ્ય ઉદ્ભવે છે એમ કહે છે. અને આ ત્રણેય માટે એકવચનનો પ્રયોગ કરે છે. તો હેમચંદ્રાચાર્ય પ્રતિભાને જ કાવ્ય નિર્માણ માટે મહત્વનું અંગ માને છે. प्रतिभा नवनवोल्लेखशालिनी प्रज्ञा નવી નવી કલ્પનાઓ વડે ઝળહળતી પ્રજ્ઞા તે છે પ્રતિભા અને એવી પ્રતિભાથી અનુપ્રાણિત વર્ણનોમાં નિપુણ હોય તે 'કવિ'છે. આ પ્રતિભાના અભાવમાં વ્યુત્પત્તિ અને અભ્યાસ વ્યર્થ છે. આ બે તત્વો કાવ્યને સંસ્કારવામાં , પરિમાર્જિત કરવામાં ખપમાં લાગે છે પણ મહત્વ તો પ્રતિભાનું જ છે એમ હેમચંદ્ર કહે છે.

અહીં હેમચંદ્રાચાર્ય મમ્મટે દર્શાવેલ ત્રણ કારણોમાંથી અન્ય બેને ગૌણ ગણાવે છે. તેઓ જણાવે છે કે પ્રધાન તથા ગૌણ કારણો વચ્ચેનું અંતર પણ સ્પષ્ટ થવું જરૂરી છે. તેમના મત મુજબ लोकशास्त्र काव्येषु निपुणता व्युत्पत्तिः। લોકશાસ્ત્ર તથા કાવ્યમાં પ્રાવિ· ય પ્રાપ્ત કરવું તે ખરી વ્યુત્પત્તિ છે.

કાવ્યની પરિભાષાની વિચારણામાં હેમચંદ્રાચાર્યનો મત મમ્મટને અનુરૂપ હોવા છતાં તેમાં પણ કેટલાક સુક્ષ્મ ભેદો જોવા મળે છે. કાવ્યપ્રકાશના પ્રથમ ઉલ્લાસમાં મમ્મટ तददोषौ शब्दार्थौ सगुणावनलंकृती पुनः क्वापि એવું કાવ્યનું લક્ષણ આપે છે. મમ્મટને મતે તે શબ્દ અને અર્થ કાવ્ય છે, કે જે દોષ વિનાના હોય, ગુણથી યુક્ત હોય, મોટે ભાગે અલંકાર સહિત હોય પણ ક્યારેક અલંકાર રહિત હોય.

હેમચંદ્રાચાર્યે પોતાની કાવ્ય પરિભાષામાં અલંકારોનો પણ સમાવેશ સ્પષ્ટ શબ્દોથી કરી લીધો છે अदोषौ सगणौ सालंकारौ च शब्दार्थौ काव्यम । તેમને મતે દોષ વગરના ગુણવાળા અને અલંકારવાળા શબ્દાર્થ તે કાવ્ય છે. કાવ્યની આ વ્યાખ્યા આમ તો પહેલી નજરે મમ્મટનં અનુસરણ માત્ર જણાય છે. પણ મમ્મટે अनलंकृती पुनः क्वापि 'ક્યારેક જ અલંકાર વગરના' એવું શબ્દાર્થનું જે વિશેષણ પ્રયોજ્યું તેને સ્થાને હેમચંદ્રે सालंकारौ च એ નોંધ મૂકી છે જે વિધેયાત્મક છે. મમ્મટ કાવ્યમાં અલંકારોને અનિવાર્ય માનતા હોવા છતાં કયારેક અલંકાર વિના પણ કાવ્ય થઇ શકે છે તેમ કહે છે. પરંતુ હેમચંદ્રાચાર્ય કાવ્યમાં અલંકારોને રસના વિકલ્પે ન સ્વીકારતાં અતિ આવશ્યક ગણાવે છે.

બંનેની કાવ્ય પરિભાષામાં સૂક્ષ્મ ભેદ એ છે કે 'ગુણ' અને 'દોષ'ને હેમચંદ્ર અનુક્રમે રસના ઉત્કર્ષ અને અપકર્ષના હેતુઓ માને છે. તેમને મતે ગુણ તથા દોષ રસના જ ધર્મો છે અને એ વાત તેઓ અનન્વય,વ્યતિરેકથી સિધ્ધ કરે છે. કેવળ ઔપચારિક રીતે જ ગુણ દોષને શબ્દાર્થના ધર્મ કહેવાય છે દોષને પણ સ્પષ્ટપણે રસના જ ધર્મો માનવાની આ વાત મમ્મટને મુકાબલે વધુ તત્વગામિ છે. જેમ પ્રામાણિકતા આત્માનો જીવનધર્મ છે તેમ અપ્રામાણિકતા,

લુચ્ચાઇ,ખંધાઇ, કાયરતા, કંજૂસાઇ વગેરેને આત્માના જ દોષ માનવા જોઇએ આ વાત મમ્મટ વગેરેએ કરી નથી. તે આચાર્યશ્રીએ સ્પષ્ટ કરી આપી છે .

વળી , અલંકારોને તેઓ શબ્દાર્થરૂપી અંગાશ્રિત માને છે જે રસ હોતાં ક્યારેક ઉપકારક તથા ક્યારેક અનુપકારક જણાય છે. અને રસ ન હોતાં તો 'વાચ્ય-વાચક-વૈચિત્ર્ય-માત્ર-પર્યવસિત' હોય છે. અલંકારોની સંખ્યાનું મમ્મટને મુકાબલે તેમણે નિયંત્રણ કર્યુ છે. મમ્મટાચાર્યે કાવ્યપ્રકાશમાં ૬૧ અલંકારોનું વર્ણન કર્યુ છે. જ્યારે કાવ્યાનુશાસનમાં હેમચંદ્રાચાર્યે ૬૧ અલંકારોનું કામ  ૨૬ અલંકારોમાં ચલાવી લીધુ છે. તેમણે સામાન્ય તફાવત ધરાવતા અને ઓછુ મહત્વ ધરાવતા અલંકારોને વધુ મહત્વ પૂર્ણ અલંકારોમાં સમાવી દીધા છે . ઉદા. સંકરની અંતર્ગત સંસૃષ્ટિ અલંકાર, દીપકની અંતર્ગત તુલ્યયોગિતા અલંકાર.

હેમચંદ્રાચાર્યના પરવૃત્તિ અલંકારમાં મમ્મટના પર્યાય અને પરિવૃત્તિ બંને સમાઇ જાય છે, ઉપમામાં અનન્વય અને ઉપમેયોપમા બંને સમાઇ જાય છે મમ્મટ  पुँस्त्वादपि प्रविचलेत ને શ્લેષમૂલા પ્રસ્તુતપ્રસંશાના ઉદાહરણ રૂપે બતાવે છે જયારે હેમચંદ્રાચાર્યે તેને જ શબ્દ શકિતમૂલ ધ્વનિના ઉદાહરણ રૂપે મૂકે છે

હેમચંદ્રાચાર્યની 'ઉપમા' અંગેની પરિભાષા મમ્મટ  કરતાં જુદી પડે છે  साधर्म्यमुपमा भेदे એવી ઉપમાની વ્યાખ્યા મમ્મટ આપે છે. તો હેમચંદ્રાચાર્યે हृद्यं साधर्म्यमुपमा भेदे એવી ઉપમાની વ્યાખ્યા આપી છે. ઉપમામાં મમ્મટ માત્ર સાધર્મ્યને મહત્વ આપે છે જ્યારે હેમચંદ્રાચાર્યે हृद्यं પર વિશેષ ભાર આપીને પોતાની મૌલિકતા સિધ્ધ કરી છે આ  हृद्यंत्वधर्म (हृद्यंग्रहण च प्रत्यलङकारमुपतिष्ठते ) બધા અલંકારોમાં સમાન છે. એવું તેઓ જણાવે છે તે મહત્વની વાત છે. તેમનું માનવું છે કે સાધર્મ્ય આહ્લાદ જનક હશે તો તે ઉપમા અલંકાર બનશે. અહીં તેઓ સૌંદર્યના ભાવ પર વિશેષ ભાર મૂકે છે.

હેમચંદ્રાચાર્યનું રસ વિવેચન પણ અત્યંત માર્મિક અને ગહન છે. તેમણે ગુણ, દોષ અને અલંકારોના અસ્તિત્વને રસની કસોટી પર રાખ્યા છે. જ્યારે મમ્મટે એવું નથી કર્યુ. હેમચંદ્રાચાર્ય સત્વતઃ રસ-સિધ્ધાંતના અનુયાયી પ્રતીત થાય છે ને એટલા માટે જ તેઓ અલંકારોને રસાશ્રિત રહેલા રસના એક અંગ તરીકે માને છે. તેમના મતાનુસાર રસને હાની પહોંચાડનાર અર્થાત् रसापकर्षक ને તેઓ દોષ અને રસની વૃધ્ધિ કરનાર  रसोत्कर्षक ને તેઓ ગુણ માને છે.

તેનાથી ઉલટું મમ્મટ ધ્વનિ મતના અનુયાયી હોય તેવું પ્રતીત થાય છે.મમ્મટે કાવ્યપ્રકાશમાં ધ્વનિ વિવરણમાં ધ્વનિના એક પ્રકાર તરીકે (असंलक्ष्यक्रम व्यंग्य)  રસનું વિવેચન કર્યુ છે. સંભવતઃ એટલા માટે જ મમ્મટાચાર્યને ધ્વનિને પ્રસ્થાપિત કરનારા પરમ આચાર્ય કહેવામાં આવે છે. હેમચંદ્રે કાવ્યાનુશાસનના બીજા અધ્યાયમાં સ્વતંત્ર રૂપે  રસની ચર્ચા કરી છે. તેમજ રસનું વિવરણ કરતી વખતે તેમણે અભિનવગુપ્તની અભિનવભારતી ટીકા ટાંકી છે.

આચાર્ય મમ્મટે શબ્દ શક્તિ લક્ષણાને રૂઢિ અથવા પ્રયોજન પર આધારિત માની છે. જ્યારે હેમચંદ્રાચાર્ય લક્ષણા ને માત્ર પ્રયોજન પર આધારિત માને છે. કાવ્યપ્રકાશના પ્રથમ ઉલ્લાસમાં જ કાવ્યના પ્રકાર તરીકે ઉત્તમ, મધ્યમ અને અધમ વગેરે વિષયોનું વર્ણન કર્યુ હોવાને કારણે તેને સમજવું કાવ્યશાસ્ત્રના પ્રાથમિક અભ્યાસી માટે મુશ્કેલ બને છે. જ્યારે કાવ્યાનુશાસનમાં હેમચંદ્રે પ્રથમ રસની ચર્ચા કર્યા બાદ અંતમાં કાવ્યપ્રકારોની ચર્ચા કરી હોવાથી તેને સમજવામાં સરળતા રહે છે. મમ્મટનો કાવ્યપ્રકાશ વિસ્તૃત છે, સુવ્યવસ્થિત છે પરંતુ સહજ-સુગમ નથી. આ બાબતમાં એક ઉક્તિ પ્રસિધ્ધ છે. - काव्यप्रकाशस्य कृता गृहे गृहे, टीकास्तथाप्येष तथैव दुर्गमः। તેમના કાવ્યપ્રકાશ પર અસંખ્ય ટીકાઓ રચાઇ હોવા છતાં તે દુર્ગમ જ રહ્યો છે. જ્યારે હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસનની  આ દુર્ગમતાને અલંકાર ચૂડામણિ અને વિવેક દ્વારા દૂર કરી તેને સુગમતામાં પરિણત કર્યો છે.

કાવ્યપ્રકાશમાં માત્ર શ્રાવ્ય કાવ્યની સાંગોપાંગ ચર્ચા કરવામાં આવી છે. પરંતુ દશ્ય કાવ્ય વિશે કોઇ વાત જ કરવામાં આવી નથી જ્યારે કાવ્યાનુશાસનમાં નાટક વિશે પણ સાંગોપાંગ ચર્ચા કરવામાં આવેલી હોવાને કારણે નિ:શંકપણે કહી શકાય કે તેનું સાહિત્યશાસ્ત્રમાં એક આગવું મહત્વ છે. કાવ્યપ્રકારોના આ વિષયોની વ્યાપકતાને લીધે કાવ્યપ્રકાશ કરતાં કાવ્યાનુશાસનની તુલના પંડિત વિશ્વનાથના સાહિત્યદર્પણ સાથે કરવી વધારે સાર્થક થઇ શકે તેમ છે.

મમ્મટના કાવ્યપ્રકાશ અને હેમચંદ્રાચાર્યના કાવ્યાનુશાસનનું સમગ્રતયા અવલોકન કરતાં કહી શકાય કે, મમ્મટનો કાવ્યપ્રકાશ એક ક્લિષ્ટ આલંકારિક ગ્રંથ છે. તે સાધારણ અભ્યાસીઓ માટે સહજ નથી. તેમજ સંસ્કૃત કાવ્ય સિવાયના અન્ય સાહિત્ય વિધાઓનો અભ્યાસ કરવા ઇચ્છતા અભ્યાસીઓ  માટે આ ગ્રંથ પુરતો નથી. તેમણે બીજા ગ્રંથો પણ જોવા પડે છે. જ્યારે હેમચંદ્રાચાર્યનો કાવ્યાનુશાસન એ અર્થમાં પરિપૂર્ણ ગ્રંથ છે. એમાં કાવ્ય સિવાય નાટક, નાટિકા, કથા, ચંપૂ વગેરે સાહિત્યની વિવિધ શાખાઓનો યોગ્ય પરિચય પણ અપાયો છે.

પ્રાચીન ભારતની અલંકારશાસ્ત્રની પરંપરાથી ગુજરાત વંચિત ન રહે તેવા ઉદ્દેશથી કદાચ હેમચંદ્રાચાર્યે આ અલંકારગ્રંથ કાવ્યાનુશાસનની રચના સરળ અને સર્વગ્રાહી શૈલીમાં કરી છે. તેમજ તેમણે સાધારણ અભ્યાસીઓની આવશ્યકતાઓને સંતોષવા માટે અલંકારચૂડામણી રચી છે. અને  વિશેષ જ્ઞાનની પિપાસાવાળા મેઘાવી છાત્રો માટે વિવેક નામની વિવૃત્તિ લખીને એમને પણ જ્ઞાનવૃધ્ધિનો અવસર આપ્યો છે. આ બંનેમાં હેમચંદ્રાચાર્ય જે ઉદાહરણો તેમજ જાણકારી આપી છે તે સાહિત્ય માટે અને કાવ્યશાસ્ત્રના ઇતિહાસ માટે ખૂબ જ ઉપયોગી છે. હેમચંદ્રાચાર્યના કાવ્યાનુશાસનનું અધ્યયન કર્યા પછી એવી પ્રતિતિ થાય છે કે સાહિત્યશાસ્ત્રના અભ્યાસીએ હવે બીજા કોઇ ગ્રંથનું અધ્યયન કરવાની જરૂર રહેતી નથી. કેમકે, કાવ્યાનુશાસનમાં કાવ્યશાસ્ત્રના બધા જ અંગોની સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે. આથી તે પોતે સંપૂર્ણ કાવ્યશાસ્ત્ર છે. આ ઉપરાંત સુવ્યવસ્થિત તથા સુરચિત પ્રબંધ પણ છે.

હેમચંદ્રાચાર્યે જેવી રીતે ગુજરાતને પોતાનું અલગ સિધ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણ આપ્યું છે. તેવી જ રીતે તેમણે ગુજરાતના બધા જ સ્તરના અભ્યાસીઓ માટે ઉત્કૃષ્ટ આ અલંકાર ગ્રંથ પણ આપ્યો છે.  આ ગ્રંથ સાહિત્યશાસ્ત્રના તમામ જિજ્ઞાસુઓ માટે અત્યંત ઉપયોગી ગ્રંથ બની ગયો છે.આજે અલંકાર શાસ્ત્રના ઉત્તમ ગ્રંથોમાં હેમચંદ્રાચાર્યના આ કાવ્યનુશાસનની ગણના થાય છે.જે તેનું માહાત્મ્ય પ્રસ્થાપિત કરે છે.

### સંદર્ભ ગ્રંથસૂચિ

૧. કાવ્યપ્રકાશ – મમ્મટ
૨. કાવ્યાનુશાસન – હેમચંદ્રાચાર્ય
૩. કાવ્યમીમાંસા – રાજશેખર
૪. ધ્વન્યાલોક – આનંદવર્ધન
૫. લોચન – અભિનવગુપ્ત
૬. હેમવાડ્ગમય  વિમર્શ - તપસ્વી નાન્દી, રાજેન્દ્રનાણાવટી